કાન્તિ ભટ્ટ

## જિંદગી એક સતત સાહસ

જિંદગી કરતી રહેતી હે મુસીબત પૈદા
બાખુદા ઇસ મેં ભી હમ કર લેતે હે લિજ્જત પેદા..
જિંદગી ઝિંદાદિલી કા નામ હે મુર્દાદિલ ખાક જિયા કરતે હે
- -અનામી ઉર્દૂ શાયર

મહાન ફ્રેંચ અસ્તિત્વવાદી ફિલસૂફ આલ્બેર કામુએ કહેલું કે મેન મસ્ટ લીવ ટુ ક્રિએટ, ટુ એડવેન્ચર લીવ ટુ ધ પોઇન્ટ ઑફ ટીયર્સ. ઉર્દૂ શાયર તો કહે છે કે સંયોગો તો મુસીબત પેદા કરે છે જ પણ ઘણા માનવોનો સ્વભાવ છે કે સામે ચાલીને કેટલીક મુસીબતોને કંકોત્રી લખે છે. આમાં ઝિંદાદિલ હોય તે જ ખરી જિંદગી જીવે છે. આલ્બેર કામુના સૂત્ર પ્રમાણે જ જીવનારા એક સાહસિકની વાત કહેવી છે.

લગભગ બસ્સો છાંસઠ વર્ષ પહેલાં ડેવિડ જ્હોન નામના એક સોલિસિટરે લંડનમાં એક સમાચાર વાંચ્યા.. 'હોલાન્ડિયા' નામનું એક નેધરલેન્ડનું જહાજ તેની અંદરના સોના-ઝવેરાત અને કીમતી હીરાના સામાન સાથે ડૂબી ગયું છે. લંડનમાં ડેવિડ જ્હોન કોર્ટમાં નમાલા અને અપ્રમાણિક વેપારીઓના કેસ લડી લડીને તેને જીતાડી અપરાધભાવ અનુભવતો હતો. તે કોર્ટના લફરાં અને વારંવાર પડતી તારીખોથી કંટાળી ગયો. ૩૮ વર્ષની વયે સોલિસિટરની પ્રેક્ટિસ છોડીને કાળો કોટ ઉકરડામાં નાખીને તેણે ફોટોગ્રાફ માટેનો સ્ટુડિયો ખોલ્યો જેથી બાળકો, રૂપાળી છોકરીઓ અને વૃદ્ધો સાથે ફોટા પાડતાં પાડતાં મધુર ગોષ્ઠિ થાય. પણ તેમાં તેને જામ્યું નહીં. ફોટો પડાવનારા તો તેની સામે જોતાં જ નહોતાં. કેમેરા સામે જ જોતાં હતાં! જ્હોન ડેવિડે પછી સ્ટુડિયો બંધ કરીને જૂના કલામય ફર્નિચરની દુકાન માંડી પણ તે ખરીદવા ખાસ કોઇ ધનિકની રૂપાળી પત્ની આવી નહીં! એ પછી વિજ્ઞાનીઓને શોધખોળ માટે જોઇતાં નાનાં ઉપકરણો-હથિયારો બનાવવાનું કારખાનું શરૂ કર્યું જેથી વિજ્ઞાનીઓ સાથે દોસ્તી થાય. પણ આ ધંધામાં પણ કંઇ જામ્યું નહીં. આખરે બધું જ છોડીને ડેવિડે તેની બચતમાંથી એક નિર્જન ટાપુમાં ફ્લેટ ભાડે રાખી એક હોડી ખરીદી અને તેમાં ફરીને માછલા પકડતો. એક દિવસ સોલિસિટર ડેવિડ જ્હોન હાથે પકાવેલું ભોજન જમીને ટાપુમાં એક જૂના પુસ્તકોની દુકાન હતી ત્યાં જઇ ચઢ્યો. અહીં ૧૭૯૦માં પ્રકાશિત થયેલું એક પુસ્તક ત્યાં ખૂણામાં ધૂળ ખાતું પડ્યું હતું. સોલિસિટરે આ પુસ્તકને ઉપાડ્યું. બેચાર પાનાં ફેરવ્યાં અને કંટાળીને પુસ્તકને ફગાવવા જતો હતો ત્યાં તેની નજર એક ફકરા પર પડી.

'જૂન ૧૭૪૩માં ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું એક જહાજ નામે 'હોલાન્ડિયા' એમસ્ટરડેમથી ઇન્ડોનેશિયા જઇ રહયું હતું( આ સોલિસિટર જે ટાપુમાં રહેતો હતો ત્યાં) તે એક ટાપુના દરિયામાં ડૂબી ગયું છે.. આ ડૂબતા જહાજે તેને બચાવવા તે સમયના રિવાજ પ્રમાણે સૂચક અવાજો કરવા તોપના ગોળા ફોડ્યા પણ કોઇ બચાવવા આવ્યું નહીં. આ જહાજમાં ૨૭૬ સોલ્જરો અને ખલાસીઓ તેમ જ ૨૪ ઉતારુ હતા. જહાજમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ગવર્નરની પત્ની પણ હતી. ગવર્નરની પત્નીને હિનદુસ્તાનમાંથી કેટલાંક કીમતી ચાંદી અને સોનાના જૂના સિક્કા મળેલા તે તેણે સામાનમાં સાથે લીધા હતા. ઉપરાંત ઘણી જવેલરી પણ હતી. પણ ખાસ તો હિન્દુસ્તાનના રાજાએ શુદ્ધ સોનાનાં સિક્કા પોતાનાં રાજ માટે પાડેલા તે ૪૦૦ વર્ષ જૂના સિક્કા જહાજ સાથે ડૂબી ગયેલા.'

તે સમયે ડચ સરકારે આ સિક્કા અને ઝવેરાત મેળવવા નિષ્ણાત તરવૈયાને રોકેલા પણ તરવૈયાઓના હાથમાં કંઇ આવ્યું નહીં. સોલિસિટરે જાણ્યું કે હજી ડૂબેલા જહાજની સંપત્તિ સીસીલી ટાપુનાં પાણીમાં ઊંડે દટાયેલી પડી છે આટલો પેરેગ્રાફ વાંચીને સોલિસિટરે પુસ્તક ખરીદી લીધું. ટાપુના ફ્લેટને તાળું મારીને તે પાછો હોલેન્ડનાં રાજધાનીનાં શહેરમાં આવી ગયો. તેણે હોલેન્ડની સરકારને(ડચ સરકાર) આ જહાજની સંપત્તિ શોધી કાઢવા માટેના હક્ક આપવા વિનંતી કરી. કોઇપણ સમુદ્રમાં જહાજ ડૂબી જાય પછી પણ ડૂબેલા જહાજની માલિકી તેના મૂળ માલિકની જ રહે છે. ડૂબેલા જહાજનો ભંગાર અને તેમાંની વસ્તુઓ ખોળવાના હક્ક એ મૂળ માલિક ન આપે ત્યાં સુધી તેને હાથ અડકાવવો તે આંતરરાષ્ટ્રીય ગુનો બને છે. પણ આ સાહસિક સોલિસિટરે તો પાછો ઈતિહાસ જાણ્યો. 'હોલાન્ડિયા'જહાજની માલિકી ધરાવતી ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ તો ૧૮૦૦ની સાલમાં દેવાળું ફૂંકેલું એટલે કંપનીની તમામ મિલ્કત હોલેન્ડ સરકારની થઇ ગઇ હતી.

સોલિસિટરને આ ખૂંપી ગયેલા જહાજનો મલીદો હાથ કરીને જૂના સોનાનાં સિક્કા જોવાની ભારે તાલાવેલી હતી. તેણે બે નિવૃત્ત નૌકા અમલદારો અને ખલાસીની મદદ લઇને એક ખાસ બોટ તૈયાર કરી. હોલેન્ડ સરકાર સાથે કરાર કર્યા કે ટાપુમાં જ્યાં સ્ટીમર ડૂબી ગઇ છે તેના ૩૦૦ મીટરના ઘેરાવામાં દરિયાને તળિયે જઇને જે સંપત્તિ હાથ લાગે તેમાંથી ૭૫ ટકા સંપત્તિ સાહસિકો રાખે અને ૨૫ ટકા સરકારને આપી દે

ડૂબકી મારવાના પોષાક મોંઘા ભાવે ખરીદ્યા. બોટમાં બે રૂપાળી છોકરીને રસોઇ માટે પણ રાખી. પછી શોધખોળ શરૂ કરી જ્યાં નિશાનીઓ કરેલી તેટલા દરિયામાં તરવૈયા તળિયાને ફેંદવા લાગ્યા. પણ કંઇ હાથ લાગ્યું નહીં. એક વખત વાવાઝોડું આવ્યું તેમાં બોટના વાસણો અને ડબલા-ડૂબલી ઊડવા લાગ્યા અને એક રસોયણ છોકરી પણ ઊડીને પાણીમાં પડી ગઇ. સોલિસિટર થોડો સમય નિરાશ થયો. તેને થયું કે ચાલો મૂકો પંચાત. એવામાં તેને લંડનનો એક ઇલેક્ટ્રોનિક નિષ્ણાત ભેટી ગયો. તેણે કહ્યું કે ‘પ્રોટોન-મેગ્નેટોમીટર’ નામનું યંત્ર શોધ્યું છે તે દૂર ઊંડે દટાયેલા ખનીજ અને ધાતુને શોધી કાઢે છે. સોલિસિટરે પાછો ખર્ચ કરીને ટાપુમાં બોટ દોડાવી. પણ મેગ્નેટોમીટર પણ નિષ્ફળ ગયું. સોલિસિટરે કંટાળીને પાછા માછલાં પકડવાનું શરૂ કર્યું. કેટલાક માછીમારોએ તેને કહ્યું ‘અમે કેટલાંક કરચલા પકડ્યા છે તે કરચલા પર અમુક ધાતુનો કાટ લાગેલો હોય છે.’ આ સાંભળીને પાછું સોલોસિટરનું મગજ ચમક્યું. હોલાન્ડિયા જહાજનો ખજાનો મેળવવા તેણે જ્યાં કરચલા હોય તે પ્રદેશને ઢૂંઢવાનું નક્કી કર્યું. દરમ્યાન તેની પત્નીએ કહ્યું કે ‘તમને ફલાણા દિવસે કોઇ ભેદી ખજાનો હાથ લાગશે તેમ મને એક જ્યોતિષીએ કહ્યું છે.’ યાદ રહે કે ડચ લોકો જ્યોતિષમાં બહુ માને છે. સોલિસિટરને પાછો સોલા ચઢ્યો. તેની સાથેના સાહસિક નાવિકો તો કંટાળેલા પણ સોલિસિટરે બધાને મનાવ્યા. સોલિસિટરે કલ્પના દોડાવી ગણિત માંડ્યું. જ્યારે જહાજ ડૂબ્યું હશે ત્યારે કેટલી ઝડપે પવન ફૂંકાતા હતા તે જૂના રેકોર્ડ પરથી જાણી લીધું. જહાજ ડૂબતા ડૂબતા પંદર મિનિટ દરિયાતળે ઘસડાયું હશે અને એ ટાપુ નજીક આવેલા બીજા સેઇન્ટ મેરી નામના ટચૂકડા ટાપુ પાસે ખૂંપી ગયું હશે. ગણતરી પાકી કરી. આ સાહસમાં અત્યાર સુધીમાં તેણે હજારો ડૉલરનું પાણી કરેલું છતાંય બધાની હિંમત એકઠી કરીને ટાપુમાં ડૂબકીઓ મારવી શરૂ કરાવી. પોતેય ડૂબકી મારવાની પ્રેક્ટિસ કરવા માંડ્યો. આખરે એક વહેલી સવારે સેઇન્ટ મેરી ટાપુના ઊંડા પાણીમાં ખૂંપેલી એક તોપ મળી આવી. તેના પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું લોખંડી લેબલ હતું. ઘણી મહેનતે તોપને ઉપર લાવીને સૌ ગેલમાં આવીને શરાબની પાર્ટી ઊજવતા નાચવા માંડ્યા. સોલિસિટર તો લગભગ પાગલ જેવો થઇ ગયો. સોલિસિટર હોવાને લીધે તેને બધું જ કાયદેસર કરવું હતું. હોલેન્ડની સરકાર સાથે ખજાનાની શોધના કોન્ટ્રાક્ટ હતા તે અવધિ થતાં ખતમ થઇ ગયેલા. હવે જો શોધખોળ કરે તો ગેરકાયદેસર ઠરે. બીજું એક તોપ મળ્યાના ખબર બીજા સાહસિકોને પડે તો લોકો સોનાનો ખજાનો હજમ કરી જાય. સોલિસિટર વિમાન પકડી એમસ્ટરડેમ જઇને સરકાર સાથેના કરાર તાજા કર્યા.

દરમ્યાન ટાપુમાં સાહસિકો પ્રવૃત્તશીલ રહ્યાં અને...ત્રીજા દિવસે સમુદ્રના કાદવમાં દટાયેલા સિક્કા-ઝવેરાતનો ખડકલો મળી આવ્યો. દરેક વજનદાર સિક્કા ઉપર બબ્બે ઇંચનો કાદવનો થર લાગી ગયેલો. આ સિક્કાને કોથળા ભરી લંડન લઇ જવાના હતા ત્યારે યુદ્ધ સમયની ગુપ્તતાનું ધોરણ રખાયું. આ સિક્કા જો ૧ લાખ ડૉલરના હોય તો તેની પૌરાણિકતાને કારણે ૨ કરોડ કે ૨ અબજ ડૉલરના પણ થઇ શકે. લગભગ ૮૦૦ રતલ જેટલા સોના-ચાંદીના અણમલ સિક્કા એવા જૂના કોથળામાં ભર્યા જેથી તે લોખંડનો ભંગાર ભર્યો હોય તેવો દેખાવ લાગે. તેની સાથેના સાહસિકોની દાઢ સળવળે તે પહેલાં સોલિસિટરે કહ્યું કે ‘હું તે સિક્કાની માલિકી ધરાવતો નથી. હું એ તમામ સિક્કા લંડનના મ્યુઝિયમને આપી દઇને પાછો માછલાં પકડવા મારા ટાપુમાં ચાલ્યો જઇશ! આપણા ભારતમાં ગીતા વાંચીને કર્મણ્યે વાધિકારસ્તે ગોખણ કરનારા પણ ગેરેંટેડ ફળ માગે છે ત્યાં ગીતા વાંચ્યા વગર આવા નિસ્પૃહી સાહસિકની વાતથી ધડો લેવો જોઇએ કે પુરુષાર્થ કરો. પરિણામ ઈશ્વરના હાથમાં છે.